# છેલ્લી ઘડીના અવસરે

: લેખક :

ભોગીલાલ ગિ. શેઠ

# છેલ્લી ઘડીના અવસરે

: લેખક :

ભોગીલાલ ગિ. શેઠ

પ્રકાશક : **શ્રેયસ પ્રચારક સભા** વતી
**શ્રી એ. એમ. મહેતા**
શરફ મેન્શન, બીજે માળે, ૩૨, પ્રિન્સેસ સ્ટ્રીટ
**મુંબઈ 400 002**

●

: પ્રાપ્તિસ્થાન :
**એ. એમ. મહેતા એન્ડ કં.**
શરફ મેન્શન, બીજે માળે
૩૨, પ્રિન્સેસ સ્ટ્રીટ, **મુંબઈ-૨**
ફોન : **૩૨૩૯૮૭**

●

**જયંતીભાઈ ભીમાણી**
**પ્રકાશ જ્વેલર્સ**
નવા નાકા રોડ, **રાજકોટ**

●

ઈ. સ. ૧૯૮૫ ] [ વિ. સં. ૨૦૪૨

---

મુદ્રણસ્થાન : શ્રી વિજય એન. શેઠ
પ્રિન્ટવેલ 6, પૂનાજી ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, ધોબીઘાટ,
અમદાવાદ-380 004

અરે મૂઢ,
મૃત્યુથી કાં ડરે છે ?
શું ડરનારને મૃત્યુ છોડી દે છે ?
ભલા માણસ,
જે જન્મતો નથી,
એને મૃત્યુ ગ્રહણ કરી શકતું નથી.
તો અજાતજન્મ થા ને ?

આત્માનુભવી મનુષ્ય આનંદથી રહે છે,
અમરત્વના રિપુ સમાન હે મૃત્યુ!

મને ડરાવવાનો તારો પ્રયત્ન કેવળ નિષ્ફળ છે, કેમકે દેહરૂપ પિંજરથી હું ખૂબ કંટાળ્યો છું. ને તેથી મારે જ તેનાથી મુક્તિ જોઈએ છે. આ દેહમાં રહેલ ચેતનાથી ભરપૂર એવો ચૈતન્ય-સ્વરૂપ આત્મા પુદ્ગલની જાળમાંથી છૂટે અને નિજ શુદ્ધ સ્વભાવને પામે એ મંગલ અને ધન્ય દિવસની હું જ પરમ શાંત ભાવથી રાહ જોઉં છું. ત્યાં તારો ડર ક્યાંથી હોય? તે તું જ વિચાર.

# આ....મુ....ખ

અમને જણાવતાં આનંદ થાય છે કે ઈ. સ. ૧૯૭૭માં પ્રગટ થયેલ અમારા "સમાધિમરણ" નામના પુસ્તકની બધી નકલો ખપી જવાથી અને તેની લોકપ્રિયતાને કારણે થતી માગણી ચાલુ રહેવાથી તેની સુધારાવધારા સાથેની બીજી આવૃત્તિ જિજ્ઞાસુઓની ઇચ્છાની તૃપ્તિ અર્થે બહાર પાડવાનું નક્કી કરેલ છે. તે પુસ્તકના અંત ભાગમાં "છેલ્લી ઘડીના અવસરે" એ શીર્ષક

હેઠળનું ઉપયોગી લખાણ આપવામાં આવનાર છે. પરંતુ "સમાધિમરણ" પુસ્તકની બીજી આવૃત્તિ છપાતાં વિલંબ થાય તેવી સ્થિતિ છે અને તેથી આ લખાણ એક નાની પુસ્તિકારૂપે જુદું છપાવવું વધુ ઉચિત છે એમ માનીને તેમ કર્યું છે.

અત્યારના દરેક ક્ષેત્રે વિકસતા વિજ્ઞાનના ધસમસતા યુગમાં વિચારોનું પરિવર્તન જોર-શોરથી થઈ રહ્યું છે. તેમાં કેટલાક વિચારો ગૂઢતાએ દોષગર્ભિત પણ થયા છે, એમ અમારો નમ્ર અભિપ્રાય છે. અમારી દૃષ્ટિએ આ પુસ્તિકામાં જણાવેલ વિચારો સહુ કોઈને માર્ગદર્શનરૂપ થશે અને તેની વ્યાવહારિક ઉપયોગિતા વિશેષ-પણે જણાશે.

જીવનના અંતે આખરી માંદગી અને મૃત્યુ નિયમથી આવવાનાં છે. તેમાંથી કોઈ પણ જીવ છટકી શકે તેમ નથી. તે છેલા અવસરે મૃત્યુને ભેટનાર જીવનું હિત ક્યાં અને કેવી રીતે છે તેના પર ઊંડાણથી વિચારતાં જે તથ્ય લાધ્યું તે અહીં બતાવવાનો અમારો શુભ હેતુ છે. આ પ્રકરણ લખવામાં વિદાય લેતા જીવ પ્રત્યેનો અમારો કરુણાભાવ પ્રેરણારૂપ થયેલ છે એમ કહેવામાં અતિશયોક્તિ કરેલ નથી. અમને સ્પષ્ટ-પણે લાગે છે કે જો જિજ્ઞાસુ વૃંદ શાંત ચિત્તથી અને અપક્ષપાત નિર્મળ મતિથી અત્રે આપેલ માહિતી ઉપર વિચાર કરશે તો આ પુસ્તિકામાં જણાવેલ સિદ્ધાંતો તથા મુદ્દાઓ તેમને ચોક્કસ સાચા અને ન્યાયયુક્ત જણાશે એટલું જ નહિ પરંતુ તેને ઉપયોગમાં લેવા યોગ્ય પણ લાગશે.

આ પુસ્તકનું છપામણ વગેરેનું તમામ ખર્ચ "યુનિક ફાર્માસ્યુટિકલ લેબ્ઝ"એ આપેલ છે તે માટે તેમનો આભાર માનીએ છીએ.

છેલ્લે અમે સંતોષ સહિત આશા રાખીએ છીએ કે આ નાનકડી પુસ્તિકા યોગ્ય અવસરે સૌને પ્રભુકૃપાએ ઉપયોગી અને લાભદાયી થાઓ. "સમાધિમરણ" પુસ્તક પણ જલદીથી પ્રસિદ્ધ કરવાની અમારી નેમ છે. તે પણ અહીં જણાવીએ છીએ.

૩૪, મોરબી હાઉસ,
ગોવા સ્ટ્રીટ
**મુંબઈ 400 001**
તા. ૭-૩-૧૯૮૧

ભોગીલાલ ગિ. શેઠ

# બીજી આવૃત્તિની પ્રસ્તાવના

ભોગીલાલ ગિ. શેઠ લિખિત "છેલ્લી ઘડીના અવસરે"ની પહેલી આવૃત્તિ ૧૯૮૧માં પ્રગટ થઈ હતી. આ બીજી આવૃત્તિ પ્રગટ કરી સુજ્ઞ, ભવ્ય અને સત્ જિજ્ઞાસુ વાચકોના કરકમળમાં મૂકતાં અમે આનંદ અનુભવીએ છીએ.

આ પુસ્તિકાનો તમામ ખર્ચ સ્વ. ભગવાનલાલ કપુરચંદ મોદી તથા જયાકુંવરબેન ભગવાનલાલ મોદી ચેરિટેબલ ટ્રસ્ટ તરફથી આપવામાં આવેલ છે તે માટે અમે તેમના ઋણી છીએ.

પ્રેસ અંગે નવનીતભાઈ શેઠે "પ્રિન્ટવેલ"- સદ્‌ભાવથી. બનતી કાળજીપૂર્વક લીધેલ પ્રયાસ માટે તેમના આભાર માનીએ છીએ.

મુંબઈ શ્રેયસ પ્રચારક સભા

તા. ૨૭-૧૨-૮૫